# સાબરમતી પોલીસ સ્ટેશન

## અમદાવાદ શહેર

## ફોન નંબર : ૦૭૯-૨૭૫૦૬૮૧૯

## <u>પ્રેસનોટ</u>

### <u>લેપટોપની ચોરી કરનાર ઇસમને ઝડપી પાડતી સાબરમતી પોલીસ</u>

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ અમદાવાદ શહેર નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ રોકવા તેમજ બનેલ ગુનાઓ શોધવા સારૂ સુચના આપેલ હોય જે સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેક્ટર શ્રી સાબરમતી પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. શ્રી બી.પી.ભેટારીયા નાઓ સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કો. કમલેશકુમાર સોમાભાઇ બ.નં-૫૭૧૧ તથા પો.કો. હિતેષકુમાર મોહનભાઇ બ.ન.૫૯૫૯ તથા લોકરક્ષક અજયકુમાર નરસિંહભાઇ બ.ન.૧૪૦૨ નાઓને ખાનગીરાહે બાતમીદારથી સંયુક્ત બાતમી હકીકત મળેલ કે અગાઉ વાહન ચોરીઓના ગુનાઓમા પકડાયેલ તુષાર ઉર્ફે ભુરીયો નાનો કોઇ જગ્યાએથી લેપટોપની ચોરી અગર છળકપટથી મેળવીને આ લેપટોપ વેચાણ કરવા સારૂ ફરે છે અને આ તુષાર ઉર્ફે ભુરીયો હાલમાં આ લેપટોપ સાથે ન્યુ રાણીપ માણકી સર્કલ તરફથી આવી અત્રેથી પસાર થઇને જવાનો છે વિગેરે બાતમી હકીકત આધારે પંચો સાથે રાખી સદરી ઇસમને રોકી લીધેલ અને સદરી પાસેથી એક લીનોવો કંપનીનુ લેપટોપ મળી આવેલ જેની સઘન પુછપરછ કરતાં આ લેપટોપ તેણે આજથી આશરે છએક મહીના પહેલા હોમ ટાઉન આકાશ રેસીડેન્સી, આનંદ પાર્ટી પ્લોટ રોડ ન્યુ રાણીપ, સાબરમતી ખાતેથી ચોરી કરેલ હોવાનુ જણાવેલ જેથી સદર બાબતે તપાસ કરતાં આ બનાવ બાબતે સાબરમતી પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.નં.૬૨/૨૦૧૯ ઇપીકો કલમ ૩૮૦ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી સદરી આરોપીને ઉપરોક્ત ગુનાના કામે અટક કરવામાં આવેલ છે અને આગળની વધુ તપાસ હેડ કોન્સ. રમણજી રામાજી બ.નં.૮૦૧૩ નાઓ ચલાવી રહેલ છે.

આમ સદર ગુનાના આરોપીને પકડી લઇ ચોરીમાં ગયેલ લેપટોપ રિકવર કરવામાં સાબરમતી પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફને સફળતા મળેલ છે.

તા.૧૧/૧૧/૨૦૧૯

